# અરુણોદય

વર્ષ - ૨ અંક - ૭ એપ્રિલ ૨૦૨૩



myvadgam@gmail.com nitesh.l.patel 9429407732


## પાણી તો ઘી ની જેમ વાપરવું જોઈએ, બેટા – ભાગ-૧

**[વડગામના પનોતા પુત્ર અને વડગામનું ગૌરવ એવા શ્રી અતુલ શાહના પરિવારનો હીરાનો ધીખતો ધંધો હતો છતાં ભરજુવાનીમાં એમણે દુન્યવી મોહ બાજુમાં મૂકીને દિક્ષા લીધી હતી. એમની દિક્ષા અત્યાર સુધીની દિક્ષાઓમાં સૌથી વધૂ ભવ્ય માનવામાં આવે છે. અમે પણ દિક્ષાગ્રહણ ભવ્ય સમારંભમાં વડગામ અને અમદાવાદ મુકામે હાજર હતા. આજે આ અતુલ શાહ જ હિતરુચિ મહારાજ સાહેબના નામ સાથે ખૂબ સાત્વિક અને સમ્યક જીવન જીવી ગયા. એમની દિક્ષા અને એમનું જીવન એ ઘણાં યુવાનો માટે આજે પણ પ્રેરણારૂપ છે. અતુલ શાહ ( મુનિશ્રી હિતરુચિવિજયજી મહારાજ) સાહેબે સમાજઉપયોગી પોતાના અનેક વિચારો વિવિધ પુસ્તકો સ્વરૂપે પ્રસ્તુત કર્યા છે તે પૈકી તેમના પુસ્તક "આધુનિક જીવનશૈલી લોહીતરસી ચુડેલ" પુસ્તક માંથી પ્રસ્તુતુ લેખ " પાણી તો ઘી ની જેમ વાપરવું જોઈએ, બેટા ! નો ભાગ -૧ સાભાર અરૂણોદય પત્રિકા રજુ કરવામાં આવ્યો છે].**

તે કાળ અને તે સમયની આ વાત છે. તારંગાની તળેટીમાં આવેલું ટીંબા નામનું નાનક્ડું ગામડું મારું મોસાળનું ગામ છે. એક જમાનામાં આ નાનકડા ગામમાં છાપું તો શું ટપાલ પણ માંડ પહોંચતી, હજી આજે પણ જેને પોતાની સહી કરતાય માંડ આવડે છે તેવી, અક્ષરજ્ઞાન જ આ દેશની સઘળી સમસ્યાનો જાદુઈ ઈલાજ છે તેવુ માની લિટરસી કેમ્પેન પાછળ આદુ ખાઈને પડેલા મિત્રોની , પરિભાષામાં નિરક્ષર મારી માનું બાળપણ આ પછાત ગામડામાં વીત્યું હતું. આટલાં વર્ષોનાં અનુભવે એવા તારણ પર પહોંચ્યો છું કે કોઈ પણ વિષયનું તળપદું અને આધુનિકતાના પૂર્વગ્રહોના રંગોના રંગો ચઢ્યા વગરનું વાસ્તવિક જ્ઞાન મેળવવું હોય તો આપણી આજુબાજુમાંથી સૌથી વૃધ્ધ અથવા સૌથી અભણ, સ્કૂલ કોલેજના પગથિયે પગ પણ ન મૂક્યો હોય તેવી, વ્યક્તિને શોધી કાઢીને તેને પડપૂછ કરવાનું શરૂ કરવું જોઈએ. ખાસ તો જૂની-નવી જીવનશૈલીના બહુવિધ પાસાંઓની ફર્સ્ટ-હેન્ડ જાણકારી મેળવવા. આ બેમાં અભણપણાની એક લાયકાત ધરાવતી મારી માને પૂછતા ઘણી વાર ક્ષુલ્લક દેખાતી પણ વર્તમાન વૈશ્વિક પરિપ્રેક્ષમાં કદાચ ઘણી મહત્વની વાતો જાણવા મળતી. એક વાર મેં એને પૂછેલું કે તમે લોકો સવારના પહોરમાં ઊઠીને સૌથી પહેલાં શું કામ કરતા ? ત્યારે જવાબમાં એણે મને કહેલું કે, ઊઠીને સૌથી પહેલા દેરાસર જઈ ભગવાનના દર્શન કરી પછી ઘરે આવીને પહેલા આટો તથા ચોખા પલાળીને પછી બીજા કામે લાગવાનું. બપોરે બાર વાગે ખાવા જોઈતાં રોટલી-ભાત માટે સવારે છ વાગ્યે આટો ભાત પલાળવાનું રહસ્ય પહેલા તો મને સમજાયું નહિ, પણ પછી ખબર પડી કે છ વાગે ચોખા પલાળી દેવામાં આવે તો બારા વાગ્યા સુધીમાં એ પલળીને એટલા પોચા થઈ જાય કે એને પકવવા માટે ચૂલો અર્ધો સમય પણ બાળવો ન પડે. પેઢી દર પેઢી વારસામાં મળતા જ્ઞાનને વળગી રહી પાણીમાં ચોખા પલાળવા દ્વારા પાણીમાં રહેલી ઊર્જા (હાઈડ્રલ પાવર)નો ઉપયોગ કરી બળતણ બચાવતી અભણ માનું જીવન વધુ વૈજ્ઞાનિક હતું કે હોમ સાયન્સમાં ગ્રેજ્યુએટ થઈ, સવારે આઠ વાગે ઊઠી સોફાસેટ પર બેસી બ્રશ કરતાં કરતાં છાપાં મેગેઝિન વાંચી, સવારની ટીવી સિરિયલ જોયા

પછી બાર વાગે રસોઈનો સમય થાય એટલે નાછૂટકે ઊભા થઈ પ્રેશરકૂકરમાં વૈજ્ઞાનિકતા અને છાણાં-લાકડાંના ચૂલાની પછાતતા ઉપર ભાષણ આપી શકવાની ક્ષમતા ધરાવતી દીકરીનું જીવન વધુ વૈજ્ઞાનિક છે, તે સુજ્ઞ વાચકો સ્વયં નક્કી કરી લે. એકાદ ઘરમાં થોડાક બળતણની આ વાત આમ તો સાવ મામૂલી લાગશે પણ ૮૦ કરોડની વસતી ધરાવતા આ વિરાટ દેશમાં 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય' ની કહેવત ભૂલવી ન જોઈએ. ઊર્જાના બચાવની અને ઓછા ઉપયોગની આવી કેટલીય વંશપરંપરાગત ટેકનિકો જૂની પેઢીની વિદાય સાથે આજે વિદાય લેતી હશે. પણ આપણે ત્યાં પ્રગતિના આ જમાનામાં સાયન્ટિફિક ટેમ્પરનો અર્થ એવો કરવામાં આવે છે કે સ્કેલ જેટલો જંગી અને પ્રક્રિયા જેટલી જટીલ તેટલી વસ્તુ વધુ વૈજ્ઞાનિક અને પ્રક્રિયા જેટલી સાદી તથા કદ જેટલું નાનું તેટલી ચીજ જૂનવાણી. આવા જુઠ્ઠા ઈકવેશનને કારણે, હાઈડ્રલ પાવર પેદા કરવાની તોતિંગ યોજનાઓ ઊભી કરીને વિરાટકાય સરોવરો નીચે ગરીબ વનવાસીઓ. જંગલી પશુઓ અને ગીચ જંગલોને તથા વિશ્વબેંકના દેવાના દરિયા નીચે બાકી રહેલા દેશને ડૂબાડી દેવા માટે જેટલી જહેમત ઉઠાવાય છે તેના હજારમાં ભાગની મહેનત પણ હાઈડ્રલ પાવરનો ઉપયોગ કરવાની આવી ઘરેલુ રીતિઓને જીવાડવા કે ફેલાવવા કરવામાં આવતી નથી. આની પાછળનું એક બીજુ કારણ માનવ અને વધુમાં વધુ પશુ-પંખી જગત સિવાયની સૃષ્ટિમાં રહેલા જીવત્વનો આદર કરવાનો ઈન્કાર કરતી 'રેવરન્સ ફોર લાઈફ' ને નેવે મુકતી અતિ સ્વાર્થ કેન્દ્રીની ઐદંયુગીન વિચારસરણી છે. જૈન દર્શન તો માણસ તેમજ પશુ-પંખી ઉપરાંત પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા પ્રકૃતિનાં અનેક વિધ અંગોમાં રહેલા જીવત્વનો આદર કરવાની વાત સદીઓથી કરતું આવ્યું છે. જગદીશચંદ્ર બસુ (બોઝ તો અંગ્રેજને બસુ બોલતા આવડતું નહોતું માટે કહેતા હતા, ચટોપાધ્યાય અને બન્ધોપાધ્યાય બોલતા નહોતું આવડતું માટે ચેટરજી અને બેનરજી કર્યું તેમ) એ વનસ્પતિનું જીવત્વ લેબોરેટરીમાં સાબિત કર્યું તેનાથી સદીઓ પહેલાં વૈદિક ધર્માનુયાયીઓના "જલે વિષ્ણુઃ સ્થલે વિષ્ણુ વિષ્ણુઃ પર્વતમસ્તકે "માં પણ કદાચ આ જ વાત કહેવાય છે. વિષ્ણુનો અર્થ જો ભગવાન કરવામાં આવે તો તો બહુ કઢંગી રીતે સ્થિતિનું સર્જન થાય માટે વિષ્ણુનો અર્થ આત્મા એટલે જીવ કરીને જલમાં, સ્થળમાં, છેક પર્વતની ટોચ ઉપર રહેલી શિલાઓમાં પણ જીવત્વ રહે છે એવો અર્થ કરવામાં આવે તો જ આ શ્લોક –પંક્તિની સંગતિ થઈ શકે.

આધુનિક અર્થશાસ્ત્રીઓથી માંડીને પર્યારણવિદો જેને નેચરલ રિસોર્સીસના નામે ઓળખે છે તેવા પૃથ્વી, પાણી અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં નિહિત ચૈતન્યની ભારતીય દર્શનની માન્યતાની આધારશીલા પર રચાયેલી ભારતીય જીવનરીતિ તેમાં રહેલા જીવત્વનો આદર કરીને તેના ઓછામાં ઓછા ઉપભોગથી ચલાવી લેવાનું શીખવતી. એટલે પ્રાકૃતિક સંસાધનોનો આટલો અક્ષમ્ય વેડફાટ કરવામાં આવશે તો તે ખૂટી ગયા પછી માણસજાત જીવશે કેવી રીતે તેટલા માત્ર માણસજાતના ભવિષ્યને અંધારિયું બનાવતા અટકાવવા પૂરતું જ રિસોર્સ યુટિલાઈઝેશન ઘટાડવાના સંકુચિત ખ્યાલ કરતાં પણ ઘણો વ્યાપક આ દ્રષ્ટિકોણ હતો. એમાં જંગલો જમીન, જાનવર કે જળનો આડેધડ ઉપયોગ કરીશું તો તેના વગર આવતી કાલે આપણે જીવીશું શી રીતે એટલો મર્યાદિત ખ્યાલ માત્ર નથી, પણ તે બધામાં પણ, જેવી સંવેદના આપણામાં છે તેવી જ આત્મસંવેદના હોવાથી અનિવાર્ય ઉપભોગને છોડીને તેમને સ્પર્શ દ્વારા પણ ડિસ્ટર્બ કરવાનો આપણને અધિકાર નથી તેવો એક ઉદાત્ત વિચાર છુપાયેલો છે.

ઇંગ્લેન્ડમાં થયેલી ઔધોગિક ક્રાંતિ પછીના પોસ્ટ- ઇન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશન એરામાં જે ઉપભોક્તાવાદી સંસ્કૃતિ પાંગરી તેમાં આ વિચારનો અંશ પણ ન હોવાના કારણે કેવળ 'ઇટ, ડ્રિંક એન્ડ બી મેરી'નો સિધ્ધાંત તે સંસ્કૃતિનો આરાધ્યદેવ બની રહ્યો છે. ઊર્જાથી માંડીને જળ સુધીના ક્ષેત્રોમાં ઝળુંબી રહેલાં ઘેરી કટોકટીના વાદળોનો ગર્ભ આ વિચારના પિંડમાંથી બંધાયેલો છે. સવારથી સાંજ અને ઘોડિયાથી ઘડપણ સુધીના આપણા જીવન તરફ એક આછોપાતળો દ્રષ્ટિપાત કરવામાં આવશે તો વાત હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ થઈ જશે. એક સર્વેક્ષણ અનુસાર અમેરિકન ઘરોમાં નળમાંથી આવતા પાણીનો જથ્થો જો થોડોક પણ ઘટાડવામાં આવે તો રોજનું ૨૫ કરોડ ગેલન પાણી બચાવી શકાય. રોજનું ૪૫૦ અબજ ગેલન પાણી વેડફતા અમેરિકનોના ઘરવપરાશના પાણીના ૩૨ ટકા તો શાવર બાથ પાછળ અને ૪૦ ટકા પાણી ટોઈલેટ ફ્લશ કરવા પાછળ વેડફાય છે, તો ૧૪ ટકા પાણી તેમના વૉશિંગ મશીનો ચાંઉ કરી જાય છે.આ જ જીવનપધ્ધતિનું અનુકરણ મુંબઈગરાઓ અને મુંબઈના પગલે પગલે દેશના અંતરિયાળ ગામડાઓમાં વસતા લોકો પણ કરવા માંડ્યા છે. આપણા બાપદાદા દેશમાં ઘરના ઓટલે ત્રાંબા કે પિત્તળનો લોટો લઈને લીમડા-બાવળના દાતણથી દાંત સાફ કરવા બેસતા ત્યારે માત્ર એક લોટો પાણી વાપરતા.

જીવનના છેલ્લા દિવસ સુધી તેમના દાંત જેટલા ઊજળા રહેતા તેટલા ઊજળા દાંત તો આજકાલના ચૌદ-પંદર વર્ષના ટીન-એજર્સ છોકરાંઓના જોવામાં આવતા નથી. છતાંય વોશબેસિનનો નળ ચાલુ રાખીને કોલગેટ કે સિબાકાનો સફેદ રગડો મોંમા ઘસવાની તેમની આદતને કારણે બ્રશ કરતી વખતે જ વીસથી પચીસ લિટર જેટલું પાણી વેડફી નાખે છે. તમે ધારો તો તેને બાળપણથી જ વોશબેસિનનો નળ ચાલુ રાખીને બ્રશ કરવાને બદલે લોટામાં પાણી લઈને દાતણ કરતાં જરૂર શીખવાડી શખો. પણ ખાટલે મોટે ખોડ એ છે કે તમને જ શેવિંગ કરતી વખતે બેસિનનો નળ ચાલુ રાખીને તેના કરતાં ત્રણથી ચારગણું પાણી ઢોળવાની આદત પડી ગઈ છે. અને સંત જ્ઞાનેશ્વર નઠારા છોકરાને ગોળની બાધા આપતા પહેલા પોતે ગોળ છોડવાનો દાખલો બેસાડી ગયા હોવાથી તમે ‘તેરી બી ચૂપ ઓર મેરી બી ચૂપ’ નું વલણ અપનાવી આંખમિંચામણા કરવનું શરૂ કરી દો છો. પણ તમારા આંખમિંચામણા કરવાથી વાત અટકતી નથી. વેડફાટનો તમારો આ ભવ્ય સંસ્કારવારસો તમારા બાળકથી આગળ વધતો છેક તમારા ઘાટી રામા સુધી ઊતરે છે. તમારા શાહજાદાને નળ ચાલુ રાખીને બ્રશ કરવા માટે આળસતા જોઈને તે શા માટે પાછળ રહે ? તે પણ વાસણ માંજતી વખતે નળ બંધ કરવાનું કષ્ટ ઉઠાવતો નથી અને તમે તથા તમારા કુંવરસા’બ બ્રશ અને દાઢી કરવામાં જેટલું પાણી વેડફો છો તેનાથી દોઢું પાણી તે વાસણ માંજતી વખતે વેડફી નાખે છે. તમારી આ ત્રિપુટી જો બ્રશ કરતાં, દાઢી વખતે અને વાસણ માંજતી વખતે નળ ચાલુ રાખવાની સાહ્યબી છોડી દે તો દર વર્ષે ઘરદીઠ લાખેક લિટર જેટલું પાણે તો અવશ્ય બચે, કારણ કે માત્ર એક મિનિટ નળ ખુલ્લો રાખાવમાં આવે તેટલી વારમાં ૧૩ થી ૨૨ લિટર જેટલું પાણી ગટરભેગું થઈ જતું હોય છે...(ક્રમશ:)




**વરસાદના પાણીનો અમેરિકા પૂરતો લાભ લે છે અમેરિકન લોકશાહીની સફળતાના બે મોટા આધાર છે ભૌગોલિક સમૃદ્ધિ અને એના જતનની વ્યવસ્થા - પ્રબંધ. મોટાભાગના રાજ્યોમાં ટ્યુબવેલ બનાવી ભૂસ્તરનું પાણી ખેંચવાની મનાઈ છે. વર્ષનું પાણી સાચવી લઈ એનો જ ઉપયોગ કરવાની પ્રણાલી છે નળનું પાણી સીધું પી શકાય એટલું નિર્દોષ હોય છે.**

**જ્યાં વરસાદી ખેતી થતી હોય તે જમીન ખારેજ કહેવાય છે આ જમીનમાં જે મોલ ઉગે તેને રામમોલ કહે છે જે ખેતરમાં કે વાડીમાં કૂવો હોય તે જમીનને વાડીએડું કે વાડીયુ ખેતર કહેતા તેમાં કુવાનું પાણી સિંચીને બારેમાસ ખેતી થતી આપણા બનાસકાંઠામાં આજે પણ કુવે જવું છે એવું કહેવામાં આવે છે કુવા વિનાની જમીનને ખેતર કહેતા ખેતરમાં માત્ર ચોમાસાના વરસાદથી જ ખેતી થાય જે જમીન વાવ્યા વગરની પડી રહે તેને પડતર કહે છે**

# ગરીબોના હિતચિંતક ગલબાકાકા- હરિપ્રસાદ પંડ્યા



Late Shree Galbabhai Nanjibhai Patel
(15 Feb 1918 - 03 Jan 1973)

પૂ. ગલબાકાકા પાસે બનાસ ડેરીમાં એમ.પી.ઓ. તરીકે કામ કરવાની તક મળી. પાલનપુર પાસે રતનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. છે. હરિજનોનું દૂધ નહીં લેવું- ગામે નક્કી કર્યું. પૂ. કાકા પાસે ફરિયાદ આવી, મને બોલાવ્યો- ટૂંકી સૂચના આપી- 'ગામમાં જાઓ- તેમને કહેશો : હરિજનોનું દૂધ લેવું પડશે. ના પાડે તો સાધનો લઈ હરિજનોને આપશો – હરિજનોનું બે લીટર દૂધ આવે તોપણ મંડળી ચાલુ રાખશો-'
ટૂંકમાં છતાં સ્પષ્ટ સૂચના મળી. ગામલોકોના મનમાં શું થશે ? રાજકીય રીતે સાથે રહેશે કે કેમ ? કોઈપણ પ્રકારની ગણતરી સિવાય – સૌ માનવ સમાન છે, સૌને હક્ક મળવો જ જોઈએ અને તે માટે સ્પષ્ટ નિર્ણય લેવો અને સમાન તક આપવી – કેવી ઉદાત ભાવના !

ગાંધીજીના સિધ્ધાંતોની ફક્ત વાતો જ નહીં, જીવનમાં વણાયેલી છે, તેના દર્શન થયાં – બોલવાનું અને આચરવાનું – કર્મથી અને મનથી જરાપણ વિભક્ત નહીં, એક જ વ્યક્તિત્વનાં દર્શન થયાં. વારંવાર પ્રસંગ યાદ આવે છે, અહોભાવ અનુભવું છું. ભવિષ્યના મારા કામમાં મને નિર્ણયથી સ્પષ્ટ દિશાસૂચન મળી ગયું.

નવીન મંડળીઓ શરૂ કરવાની મને સંપૂર્ણ સ્વતંત્રતા આપી-જ્યાં દૂધ મળે ત્યાં મંડળી શરૂ કરો. પોતે જિલ્લાના ગામે ગામના ભોમિયા-રૂટ કેમ ગોઠવવા તેનું પણ માર્ગદર્શન આપતા. વહીવટની બાબતમાં તેઓશ્રી જે નિર્ણય લીધો હોય તેને માન્યતા અગર મંજૂરી આપતા. ડાયરેક્ટર બોર્ડના સભ્યો અથવા અન્ય કોઈ ફરિયાદ કરે તો સાંભળી રૂબરૂ બોલાવી – સત્ય હકિકત મેળવી નિર્ણય મંજૂર રાખતા- કામમાં ઘણી જ મઝા આવતી- ગામડે ગામડે ગ્રામસભાઓ કરવા નીકળતા- એક જ દિવસમાં સાતથી દશ ગામ ગોઠવતા-નિરાંતે શાંતિથી પોતાની લાક્ષણિક શૈલીમાં દૂધના ધંધા સબંધી, ખાણ-દાણ સબંધી, વ્યસનો સબંધી અસરકારક વાતો કરતા. - બહેનોના ઉદ્ધારક. મને કહેતા : દૂધના પૈસા બહેનોને જ મળે તેવી વ્યવસ્થા ગોઠવો-પુરૂષો અફીણમાં વાપરી નાખશે-વગર મહેનતે પૈસા ગમે તેમ વેડફશે, બહેનોને સાચી સમજ આપવાનું જણાવતા. દૂધના ધંધામાં તેઓને ભાગીદાર બનાવવાનું કહેતા. "છાણનો ટોપલો ઉપાડે છે, મોં ઉપર ભેંસનું મૂતર રેલાય છે, એરૂઓના ભોડામાં રહી ઘાસ કાપે છે- બાળકો સાચવે, જાનવરો સાચવે અને આંધળી મહેનત કરે છે" દૂધનો ધંધો કેટલો કષ્ટદાયક છે અને બહેનો કેટલો ભાર વહન કરે છે, એ સમજાવતા-
બનાસકાંઠા જિલ્લાએ સાચા સેવક, ગાંધી ગુમાવ્યા છે, તેઓ અમર થયા, બનાસકાંઠાના ખેડૂતોને ડેરી અપાવી ભાગ્ય ખોલી નાખ્યું છે. એક જ વર્ષમાં બનાસડેરી અને ખીમાણા-ધાનેરા શીત કેન્દ્રો તૈયાર કરાવડાવી સમગ્ર જિલ્લાને આવરી લીધો છે. બીજ વાવ્યું છે, વટવૃક્ષ થશે.

ઓછુ ભણેલા, પરતું ડાયરીમાં કામો ટપકાવતા અને તે પ્રમાણે સમયસર ચોકસાઈ કરતા. કોઈથી અંજાયા સિવાય દીન દુખિયાનાં કામો સ્પષ્ટતાથી કરતા. ખેતમજૂર કારખાનાનો મજૂર, હરિજન કે ભંગી કોઈ પણ સમયે બારણાં ખખડાવતો- તેઓના પ્રશ્નો ઉકેલાતા. નીડર વ્યક્તિત્વ, દ્રઢ મનોબળ અને કામમાં ચોકસાઈ-હમેંશ ગરીબોના હિતચિંતક પૂ. ગલબાકાકા સદાયે યાદ રહેશે. સદગત આત્માને શત શત પ્રણામ.

**આ ચોમાસે સામાન્ય વરસાદની શક્યતા ૨૫% તો દુષ્કાળની આશંકા ૨૦ % - ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટ**

# આપણી ખેડૂતોની "દોટ" ખોટી નથી "દિશા" ખોટી છે !

**પ્રસ્તુત ખેતિવાડીને લગતો લેખ આદર્શ દંપતિ એવા આદરણિય શ્રી હીરજીભાઈ ભીંગરાડિયા અને ગોદાવરીબહેન ભીંગરાડિયાના સ્વાનુભવનો નિચોડ છે. આદરણિય શ્રી હીરજીભાઈ માલપરા ગામ જિ. ભાવનગરના વતની છે. કાઠિયાવાડી બોલીમા ખેતિવાડીની રસાળ અને ઉપયોગી માહિતી પુરી પાડતા અનેક લેખો આ આદર્શ દંપતિએ પોતે પ્રયોગો કરીને અનુભવના અંતે લખ્યા છે. આ લેખો સમયાંતરે એક પછી એક આ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે જેના વાંચન થકી દરેક ખેડૂતને તેમાંથી કંઈકને કંઈક શીખવાનું મળશે એવી અપેક્ષા છે.**

ભારે ઝડપથી દોડી રહેલા એક મુસાફરે રસ્તાની બાજુ પરના ઝાડ નીચે બેઠેલા માણસને પૂછ્યું : "ભાઈ હું દિલ્હી ક્યારે પહોંચીશ ? "કયારેય નહીં !" એને જવાબ મળ્યો. "હેં ! આટલી બધી ઝડપે દોડી રહ્યો છું છતાં ?" મુસાફરે પ્રશ્ન કર્યો, "હા ! ગમ્મે તેટલી ઝડપ હોવા છતાંયે ! કારણ કે તમે જે દિશામાં દોડી રહ્યા છો તે દિશા તો મુંબઈ બાજુની છે. જેટલી ઝડપથી દોડશો, એટલા દિલ્હીથી વધારે દૂર થતા જશો." "તો દિલ્હી પહોંચવું શી રીતે ?" મુસાફરને વાત સમજાતી નહોતી. "તમે અત્યારે જે દિશામાં દોડી રહ્યા છો, ત્યાંથી અટકી જઈ એનાથી ઉલટી (ઊંધી) દિશામાં દોડશો નહીં – માત્ર ઉતાવળી હાલ્યે હાલવા માંડશો તો પણ દિલ્હી પહોંચી જશો, કારણ કે એ દિશા દિલ્હીની છે" મિત્રો ! દોડવાની ઝડપ માત્રથી મંઝિલે પહોંચાતું નથી. દિશાનો સાચો ખ્યાલ હોવો પણ એટલો જ જરૂરી છે. આપણી ઘણીવાર 'દોડ' ખોટી નહી, "દિશા' ખોટી હોય છે.

અન્ય વિષયોની જેમ કૃષિમાં પણ વિજ્ઞાન સૂર્યકિરણ જેવી વેગીલી ઝડપે આગળ વધી રહ્યું છે. હા એક જમાનો હતો કે જ્યારે ખેડૂતોને મન એનું 'ખેતર' એ જ એની દુનિયા હતી.

મારી જ વાત કરું તો પડામાં દૂર પાણી વાળતો હોઉ અને કુવા પર ચલતા ઓઈલ એન્જિનનો પટ્ટો તૂટી જાય, ને મશીન ઉતાવળી ઝડપે ભાગવા માંડે ત્યારે, તેમા નુકશાન ન થઈ બેસે માટે જલ્દી જલ્દી બંધ કરવા કેટલીયે વાર હડી કાઢીને દોડવું પડતું. જ્યાર આજે ? આજે પોતાના ખિસ્સા માંહ્યાલા મોબાઈલથી ઘેર બેઠા બેઠા વાડીની સબમર્શીબલ ચાલુ બંધ કરી શકાય છે મિત્રો !

ખેતીના આધુનિક વિજ્ઞાને નવા સંશોધનો, નવા બિયારણો, નવી ટેકનોલોજી, નવા સાધનો અને ચીજ વસ્તુઓ વગેર ખૂબ તરતા મૂક્યા છે. એ બધાન વિવેકસભર ઉપયોગ થાય તો બદલો મળે ઉત્તમ ! પણ એનો અવળી દિશાનો એટલે કે ગેર ઉપયોગ થાય તો ? આપણા કૃષિવિજ્ઞાને જણાવ્યું જ છે કે 'નવા બિયારણો પાસેથી વધુ ઉત્પાદન લેવું હોય તો તેને ખાવા-પીવા વધુ આપવું પડશે, અને એનું સરક્ષણ પણ ખેડૂતોએ જ કરવું પડશે" આપણે એ આદેશને માથે ચડાવી, વધુ ઉત્પાદન મેળવવાના પ્રયત્નો કરીએ, તો એ કંઈ ગેરવ્યાજબી પ્રયત્નો નથી. પ્રયત્નો સાચા જ હોવા છતાં – તમે વિચારજો ! મંજિલે પહોંચવાના રસ્તાની પસંદગી તો આપણા જ હાથમાં છે. કોઈ રસ્તો થોડો લાંબો, ધીરજ રાખી, જોઈ જોઈ ડગ માંડીએ તો વિના વિઘ્ને, સલામત રીતે મંઝિલે ચોક્કસ પહોંચાડવાની ખાત્રી આપનારો હોય છે. તો કોઈ હોય ટૂંકો અને વીઘ્નોથી ભરેલો ખબર નહીં રસ્તામાં ક્યાં આંટવી દે તેવો અને નક્કી નહીં કે તે મંજિલે પહોંચાડશે કે નહી તેનુંયે, તેવી ખાત્રી વગરનો ! રસ્તો કયો પસંદ કરવો તે મુસાફરની મનસુફી, બુધ્ધિ, વિચારશક્તિ અને માનસિકતા પર આધારિત હોય છે.

'પાક સંરક્ષણ' મુદ્દો મહત્વનો છે. પાક સંરક્ષણના પગલાં ખેડૂતે લેવા જ પડે, એ વાત સાચી, પણ ઝેરીલી દવાઓના છંટકાવ પાછળ ગાંડા થઈને લાગી પડવું, એ સદંતર અવળો રસ્તો છે.

અમારા કૃષિ મંડળની મિટિંગમાં સીતાપરના ખેડૂતે વાત કરી કે "અમારા ગામમાં એક ભાઈની ૯૧૦૦૦ રૂ. માં લીધેલી ભેંશ માત્ર વાડીની નીરણ ખાવાના કારણે મરી ગઈ અને પંદર દિવસ પછી ઉત્તમ એવી દૂઝણી ગાય પણ એ જ કારણે મરી ગઈ. અમે એ ખેડૂતને કહેતા હતા કે ભાઈ ! આટલી બધી દવા નો છંટાય ! પણ માને ઈ બીજા ! એની વાડીમાં પાક ગમે તે હોય, પાકને સંરક્ષણની જરૂર હોય કે ન હોય, દવા તો બસ એમ એગ્રોની દુકાન એના ઘરની હોય એમ, દવા બાબતે એકેય પાક બાકી નહીં !

પછી તે કપાસ હોય કે કારેલી, અરે જુવાર, મકાઈ ઘંઉ ટામેટી, રીંગણી મરચી, શક્કરિયા સુધ્ધામાં એને દવા છાંટતા અમે ભાળ્યો છે એ ભેંશ અને ગાય મરવા પડયા ત્યારે બન્ને વખતે ડૉક્ટરને લાવેલા. ડૉક્ટરે પણ એવું જ નિદાન કરેલું કે "ખાવામાં કંઈક ઝેરી પદાર્થ આવી ગયો છે." અમને તો પાક્કું જ હતુ કે રજકામાં જે દવા ધાબડ્યે રાખે છે, તેનું જ આ પરિણામ છે. અરે, હીરજીભાઈ ! એ ખેડૂતના પંડ્યનું, એની ઘરવાળીનું, એના છોકરાઓનું, એના ઢાંઢાનુ, એના કૂતરાનું કે એની જમીનનું, એની વાડીમાં પાકેલા કોઈપણ પેદાશનું કોઈપણ લેબોરેટ્રી કરાવશે તો દરેકમાં ઝેરની બહુ બધી ટકાવારી ન દેખાય તો તમે કહો ઈ હું હારી જાઉ બોલો !

ઉત્પાદનલક્ષી દોટને આપણે કઈ દિશાની ગણશું. તમે જ કહો ! આમાં જેમ ગાય-ભેંશના અકાળે મૃત્યું થયાં તેમજ અન્યોની તો વાત કોરાણે રહી, પણ પહેલાં ખેડૂત કુટુંબનો સ્વયંનો જ ખો નીકળી જવાનો ! આ રસ્તો મોતની મંઝીલનો છે. પાછુ વળી જોઈ, આગળ વધતા અટકી, સાચી દિશા પકડવી કે મોતના માર્ગે જ હડી કાઢતાં રહેવું છે ? અમારા જૂના ગામ ચોસલામાં હિંમતભાઈ મારા મિત્ર છે. હમણા એક દિ' ઓચિંતાના ભેળા થએ જતાં મે પુછ્યું: 'આગોતરો કપાસ કેટલો ઉગાડ્યો?" તો કહે "ઈ ધંધો હવે કર્યા જેવો નથી." મેં પૂછ્યું "કેમ કેમ ! આવી વાત કરે છે ?" તે કહે "ત્રણેક વરહ ઈ પાણી બહુ પાયું, પણ હવે નીમ લીધું છે કે ના છૂટકે જ એનો ઉપયોગ કરવો ." "પણ એનું કારણ શું ?" મે પુછપરછ ચાલુ રાખી.

તો કહે : "ઈ દારનું પાણી હવે પાવાથી કપાસ-જુવાર બધુ ઊગી તો જાય છે, પણ પછી મોલાત સાવ ઓહાણ વગરની-ઠોઠડી થઈને પડી રહે છે. ગમે તેટલા પાણ પાઈએ પણ વધવાને બદલે ઉલટાનો ભોયમાં ગરતો જાય છે." એની વાત સાચી હતી. દારનું પાણી નબળું હોવાથી બે-ત્રણ વરસ ઠીક ચાલેલું પણ ચોથા વરસે સરવાળે એનું પોત પ્રકાશ્યું. તમે જ વિચારો, જે પાણી આપણે ન પી શકીએ, ઢોરા ન પીવે, તે પાણી કઈ જમીને ઉપર રેલાવીને મોલને પવાય ? એ બોલીને નહી, કરમાઈ જઈને જવાબ આપે છે. વધારે ઉત્પાદન મેળવવા પાકને પીયત દેવાની ના નથી, પણ જમીન અંદરના સૂક્ષ્મજીવોને, જમીનના બંધારણને જમીનના ગુણધર્મોને, ઉત્પાદક્તાને અને ફળદ્રુપતાને નષ્ટ કરી મેલે તેવા પ્રવાહી તો ન જ પવાયને ? સાચી દિશા પકડી છે મારા મિત્ર અને કૃષિ વિકાસ મંડળના ખેડૂત મહેન્દ્રભાઈ ગોટીએ. તેમના કૂવામાં ઉનાળો હોય એટલે પાણી હોય છે માત્ર ૧૦ મિનિટ મોટર હાલે એટલું જ, પણ હોય છે મીઠાં ટોપરા જેવું, એણે કૃષિના નવા વિજ્ઞાનની ભેર લઈ દસે વીઘાની વાડીમાં ટપક પધ્ધતિ ગોઠવી દીધી છે અને કપાસ, શાકભાજી અને લીલા ચારાના પાકો પકાવી પૂરતું અને સંતોષકારક ઉત્પાદન લઈ રહ્યા છે. આપણી વાડીના પાકો પાસેથી ધાર્યુ ઉત્પાદન લેવા પોષણ પુરું અને વધુ ઝેરીલી દવાઓના વપરાશના હિસાબે એ નદીનું પાણી વધુ બગડ્યુ. ને કુદરતી સંપદા જેવી નદીઓના પ્રવાહ પણ બગાડી મૂકે એવી ખેડૂતોની આ દોટને કેવી ગણશું ? કહો !

ઘઉ સશોંધન કેન્દ્ર લોકભારતી સણોસરાની મુલાકાતે ગયો હતો. વિવિધ લક્ષણો દેખાડતી વેરાયટીઓનો કોઈ પાર નહોતો ! એની કુટ્ય, પાનની છટા, એનો ઘેરો લીલો રંગ,ઊભવાની અદા અને માપસરની ઊંચાઈ – બધી રીતે જે વેરાયટી ગમી ગઈ, તેને દરેક રેપ્લીકેશનમાં જોઈ લેવાનો લોભ લાગ્યો. બીજી, ત્રીજી રેપ્લીકેશન પછીની ચોથી રેપ્લીકેશનમાં આ વેરાયટીનો પ્લોટ નબળો ભાળી મેં સંશોધન વિજ્ઞાનની દેવદાસભાઈને પૂછ્યું કે "આનું કારણ શું ? જમીન માવજત બધું સરખું હોવા છતાં અહીં આવું કેમ ?" તો કહે, "હીરજીભાઈ ! આ જગ્યાએ ધરો (ઘાસ) નું ગૂંડું હતું, એને બાળવા અમે નિંદળનાશક દવાનો છંટકાવ કર્યો હતો."

આ આપણે ખેડૂતો જીરૂમાં, જુવારમાં, રજકામાં અરે ! કપાસ સુધ્ધામાં મજુરી બચાવવા પાક વાવવાં પહેલા, કે વાવીને પછી, ખેડૂતો નિંદણનાશક દવાઓ છાંટવા માંડ્યા છીએ. જતે દા'ડે એ શું જમીનને નડ્યા વિના રહેવાની છે ? અરે ! હવે તો રાઉન્ડઅપ રેડી બી.ટી. ની જાતો એવી આવી રહી છે કે કપાસ, મગફળી, તુવેર, સોયાબીન વગેરેમાં નિંદામણનાશક છાંટીએ એટલે એ મુખ્ય પાક સિવાયના કોઈ છોડ ઊગે જ નહીં. ! અરે ભલા ! આ અખતરો કરવા જેવો નથી. આ દોટ અવળી દિશાની છે. બિયારણ સંબંધેની સંપૂર્ણ પરતંત્રતા અને વનસ્પતિ જગતમાં વિવિધતાનો નાશ નોંતરનારું આ અભિયાન આપણોય નાશ નોતરીને જ રહેશે ભાઈઓ !

**ગાય-ભેંશ જેવાં દૂઝણાઓમાં સ્વેચ્છાએ પારહો ન વાળતાં જાનવરને પરાણે પારહો વળાવવા હોર્મોસના ઇંજેકશનો આપવામાં આવે છે. ડૉક્ટરો તો આના ઉપયોગની ના કહે છે, પણ આપણે તો પરાણે દૂધ મેળવવાની લાહ્યમાં એનો ઉપયોગ કર્યા જ કરીએ છીએ. એ ઈંજેક્શન દીધા પછી જાનવરને શું થાય છે, એની ખબર છે ? એને પ્રસુતિ વખતની વેદના જેવી વેદના ઉપડે છે અને જાનવર માનસિક રીતે ઢીલું પડી જાય છે અને આંચળના બંધ ઢીલા થઈ જાય છે. એના શરીરમાં બીજી કેટલીય આડ અસરો ઊભી થતી હશે, એની ચિંતા કરવાનું આપણે તો છોડી દીધું છે ખરું ને ?**

આલીબાબાની વાર્તા “સમસમ ખુલ જા, સમસમ બંધ હો જા !” જેમ ચાંપ દબાવતા સઘળાં કામો યંત્રોથી થવા માંડ્યા છે. એટલે શરીરશ્રમ પ્રત્યે સુગ દાખલ થઈ. પહેલા બે-ચાર બળદ અને ત્રણ-ચાર દુઝાણાં એ ખેડૂતના ઘરની શોભા ગણાતી. આજે ? ઘણા ઘરોમાં તો બાંડી બકરીયે જોવા મળતી નથી. ખેતી પાક દ્વારા નીકળતી આડ પેદાશ ખાઈ દૂધ, ગોબર, ગોમુત્ર અને ધીંગાધોરી રૂપી શક્તિ પશુઓ પુરા પાડતા, જ્યારે યંત્રો ? એ થોડા “છાણ” કરવાના છે ? એ તો ડીઝલ ખાઈ ખર્ચ કરાવે, ધુમાડો ઓકે, પર્યાવરણ બગાડે અને એના ભારે વજનથી જમીને પર ટોર લગાડે. પણ આપની દોડની દિશા જ બસ, આ બની ગઈ છે આનુ કેમ કરવું ?

આપણી રોજિંદી ખોરાકી જરૂરિયાતોના બધા પાક વાડીમાં પકાવી લેતા. જેથી જમીનના કસ-ખેંચાણમાં સમતોલપણું જળવાતું. આજે આધુનિક ખેતીની નવી પેટંટે જેમાં રોકડ નાણાં રૂપે વધુ વળતર દેખાણું, એ એક જ પાક પાછળ પડી જવાનું. પાકની ફેરબદલી, મિશ્રપાક જેવી પધ્ધતિ આઉટ ડેટ થવા લાગી.

અને પર્યવરણના મોટા રક્ષણ એવા વૃક્ષોને વાડીમાં વિવિધ રીતે વસાવવાને બદલે શેઢેય બસ, ઝાડવું ભાળ્યું ? મૂકો કુહાડી ! બપોરે રોંઢો કરવા ક્યાં બેસશું એનોય વિચાર નહી કરવાનોને !

જે ખેડૂતો નવા વિજ્ઞાનની દોડમાં ભળશે નહીં તે પાછળ રહી જશે, એ વાતેય સાચી હોવા છતાં આંખો મીંચી, ઊંધુ ઘાલી, મૂઠીઓ વાળી હડી કાઢી દોડે છે, તેને લક્ષિત મંઝિલને બદલે આખરી મંઝિલવાળા જમ ભળાવા માંડે તો પછી કહેતા નહીં કે વાત તો કરવી હતી ! માટે હડી કાઢવાને બદલે માપસરની કહોને ‘રેવાળ’ ચાલે ચાલશું તો થાક્યા વિના લાંબો પંથ ઉકેલી શકશું.



હાય... હાય... આ તે કેવી માયા.
દુનિયા આખી તમને માત્ર એક પાત્ર આગળ નકામી લાગે. રાતોરાત કો'ક તમારા હૈયાનો કબજો લઈ લે. એનું મોઢું જોવાની તલપ જાગે એટલે ગમે તેટલું ચાલો તોય થાક ના લાગે. એના માટે થઈને દુનિયાથી લડી લેવાનું મન થાય.એના એક શબ્દ ઉપર ફના થઈ જવાની તૈયારી બતાવાય. એ કોઈ મરદને શોભે ખરું?

આમ છતાં આવા ભાવો હૈયે ઉછાળા મારતા જ રહે... એક નશો ચઢે... એ નશો યૌવનને વિદ્રોહ કરવા મજબૂર કરે... ફક્ત એક જણની પ્રાપ્તિ માટે કેટલાયને ઠોકર મારવાની હિંમત આવી જાય... રે... ઉપરવાળા... તારી માયા... અસ્તરીને સરજીને તે ખરેખર કમાલ કરી છે?

("કુંવારકાને કાંઠે" પુસ્તક માંથી - શૈલેષ પંચાલ)

એક એવી અજાણી વઢિયારી પ્રણયકથા જે વર્ષોથી લોકમુખે વહેતી રહી. આ નવલકથામાં વઢિયારની આબોહવા અનુભવાય છે, આ નવલકથામાં નાયિકા વઢિયાર પ્રદેશની સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે. નવલકથા રસિકોએ મસ્ટ-રીડ કેટેગરીમાં આવતું પુસ્તક.

**₹180/-**
**(કુરીયર ફ્રી - ગુજરાત)**
**અહીંથી મળશે.**

અરિહંત

**8734982324**
**8320881177**

